ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૦૩/૨૦-૨૧/ ૨૧૯ તારીખ 23 JUL 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભરતભાઈ રામભાઈ ભીલ,**
**મું.દેવળીયા,**
**તા.મહુવા**
**જી.ભાવનગર.**
**મો.નં. ૯૫૫૮૫ ૧૭૬૫૫.**

કેસ નં.૧૦૩/૨૦-૨૧

**વિષય : ગેરકાયદેસર થ્રી ફેઈઝ લાઈટ કનેકશન જમીનમાં નાખવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૮/૦૩/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૨/૦૩/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૩/૨૦-૨૧/૯૪૦ તા.૧૬/૦૩/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૩/૨૦-૨૧/૧૯૮૦ તા.૦૨/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૬/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, **મહુવા.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૦૩/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી ભરતભાઈ રામભાઈ ભીલ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૧૬/૦૭/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી ભરતભાઈ રામભાઈ ભીલ (વાદી ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી એમ.કે.ભીંગરાડીયા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભરતભાઈ રામભાઈ ભીલી, મું.દેવળીયા, તા.મહુવા,જી.ભાવનગર ની ગેરકાયદેસર થ્રી ફેઈઝ લાઈટ કનેકશન જમીનમાં નાંખવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૩/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૩/૨૦–૨૧/૯૪૦ તા.૧૬/૦૩/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૬/૦૭/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ભરતભાઈ રામભાઈ ભીલ પોતે ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.કે.ભીંગરાડીયા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના દેવળીયા ગામમાં રહીએ છીએ અને ખેતી કરીએ છીએ અને આ કામના સામાવાળા શિવકુંવરબેન વલ્લભભાઈ કાપડીયા રહે.બારપરા, મોટી શેરી,મહુવા જી.ભાવનગર વાળાના નામે મહુવા તાલુકાના દેવળીયા ગામે ખેતીની જમીન આવેલ છે. તેનું સંચાલન વલ્લભભાઈ નારણભાઈ કાપડીયા કરે છે અને આ વલ્લભભાઈ કાપડીયા દ્વારા શિવકુંવરબેન ની ખેતીની જમીન માળ વિસ્તાર ના નામે ઓળખાય છે. ત્યાંથી થ્રી ફેઈઝ વાયર તથા પાણી લેવાની પાઈપ લાઈન જુના ગરાસવા સુધી કાયદેસર મહુવા પીજીવીસીએલ કે દેવળીયા ગ્રામ પંચાયતની કોઈપણ જાતની મંજૂરી લીધા વિના જમીનમાં એક દોઢ ફૂટ દાટી જુના ગરાસવા નદીનું પાણી શિવકુંવરબેન ની ખેતીની જમીન સુધી ગેરકાયદેસર રીતે વાપરે છે અને ખેતી કરે છે અને શિવકુંવરબેન ની ખેતીની જમીન થી આશરે ૫૦૦૦ ફૂટ થ્રી ફેઈઝ લાઈટ ને વાયર જમીનમાં પાથરેલ છે. આ વાયર અમુક સમય પછી સડી

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

જતો હોય તેના કારણે શોર્ટ સર્કિટ પણ થાય છે અને તેના કારણે અમુક ખેડૂતોની જમીનમાં પણ ખેતી કામ કરતા હોઈ, ત્યારે શોક લાગે છે અને અમો અરજદારની ખેતીની જમીન ના શેઢા પરથી આ વાયર પસાર થતો હોઈ અને જયારે અમો ખેતીમાં પાણી પાતા હોઈએ ત્યારે પણ અમારા ખેતરમાં શોક લાગે છે. આ બાબતે અમોએ સામાવાળા શિવકુંવરબેન તથા તેમના પતિ વલ્લભભાઈ ને અનેકવાર રજૂઆતો કરેલ છે તો તેઓ કહે છે કે આ વાયર તો રહેશે જ તમારે થાય તે કરી લેજો. પીજીવીસીએલ વાળા મારૂં કાંઈ બગાડી નહી લે અને બીજા એક ગામોમાં ગેરકાયદેસર કનેકશન આવેલ છે તેનું કાંઈ નથી કરી શકતા તો મારૂં શું બગાડી લેશે તેમ અમો અરજદારને આ સામાવાળાના પતિ વલ્લભભાઈ એ જણાવેલ હોઈ તેથી આ અરજી કરવા અમારે ફરજ પડેલ છે.

૧.૨ વિશેષમાં નમ્ર વિનંતી કરવાની કે, આ વલ્લભભાઈ એ ગેરકાયદેસર થ્રી ફેઈઝ લાઈટ કનેકશન નો વાયર જમીનમાં ગેરકાયદેસર દાટેલ હોઈ, અને તે વાયર સડી જતા અમોને અરજદાર ને તથા અમારા માતા પિતા તથા ભાઈઓને અનેકવાર શોક લાગેલ છે અને આજુબાજુના ખેડૂતોની જમીનમાં પણ આ પોજીશન હોઈ અમારા ગામની ગૌચરની જમીન ભેજવાળી રહેતી હોઈ ત્યાં પણ શોક શર્કિટ અવાર નવાર થતા હોઈ, જેથી લોકોના જીવનું જોખમ ઉભું થયેલ છે. આ બાબતે અમોએ અનેકવાર મહુવા પીજીવીસીએલ કચેરી તથા ભાવનગર અને રાજકોટ અને વડોદરા અનેકવાર લેખિત રજૂઆત કરેલ હોવા છતાં, આજદિન સુધી કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેથી આ પ્રશ્ન આપ સાહેબ સમક્ષ મૂકવા અમો અરજદાર ને ફરજ પડેલ છે. તો તાત્કાલીક આ કામના સામાવાળા શિવકુંવરબેન તથા તેમના પતિ વલ્લભભાઈ સામે ઈલેકટ્રીસીટી એકટ ની જોગવાઈ મુજબ કાનૂની કાર્યવાહી તાત્કાલીક કરવા અમારી નમ્ર વિનંતી છે અને અમો અરજદાર આ અગાઉ કરેલ અરજીની નકલો આ સાથે આપ સાહેબશ્રીની જાણ સારૂં મોકલતા હોઈ તો તેનો અભ્યાસ કરી આ માથાભારે શિવકુંવરબેન ના પતિ વલ્લભભાઈ સામે ધોરણસર ત્વરીત કાનૂની કાર્યવાહી કરવા અમો અરજદાર ની માનસર અરજ છે.

☞ <u>**પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,**</u>

૧.૧ સવિનય સાથ આપ સાહેબને જણાવવાનું કે, અરજદારની અરજીના અનુસંધાને મહુવા વિભાગીય કચેરી ના ચેકીગ સ્કવોડ માં ફરજ બજાવતા જુનીયર ઈજનેર દ્વારા તા.૩/૪/૨૦૨૧ ના રોજ શિવકુંવરબેન વલ્લભભાઈ કાપડીયા ની વાડી વિસ્તારમાં સ્થળ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે મુજબ સદર સ્થળ પર શિવકુંવરબેન વલ્લભભાઈ કાપડીયા નું વિજ ગ્રાહક નં–૩૭૦૦૩/૦૫૦૮૯/૭ નું વિજ જોડાણ હયાત છે તથા સદર સ્થળ પર હાલ પિયત જોવા મળેલ નથી તેમજ વધુ તપાસ કરતા સદર વિજ જોડાણમાં કોઈપણ પ્રકારની ગેરરીતી જોવા મળેલ નથી.

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

☛ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી ભરતભાઈ રામભાઈ ભીલ, ગામ–દેવળીયા, તા.મહુવા ના રહેવાસી છે.

૩.૨ વાદીએ તા.૧૨/૩/૨૦૨૧ ના રોજ ફોરમને કરેલ લેખિત રજૂઆત મુજબ, ગામ–દેવળીયાના શિવકુંવરબેન વલ્લભભાઈ કાપડીયા ની સામે રજૂઆત કરેલ છે. વાદીની રજૂઆત છે કે, શિવકુંવરબેન વલ્લભભાઈ કાપડીયા દેવળીયા ગામમાં ખેતી ની જમીન ધરાવે છે. અને તેનું સંચાલન વલ્લભભાઈ નારણભાઈ કાપડીયા કરે છે.

૩.૩ વાદીની રજૂઆત મુજબ શિવકુંવરબેન તેની ખેતીની જમીન માં આશરે ૫૦૦૦ ફૂટ થી ફેઈઝ વાયર જમીનમાં નાંખી અને બિન અધિકૃત રીતે વપરાશ કરી ખેતી કરે છે તેમજ તેઓએ કોઈપણ જાતની મંજુરી લીધા વગર ગેરકાયદેસર જમીનમાં પાઈપ લાઈન નાંખી પાણી લઈ જાય છે.

૩.૪ વાદીની ફોરમને કરેલ રજૂઆત ઉપરથી પ્રતિવાદીએ તા.૩/૪/૨૦૨૧ ના રોજ શિવકુંવરબેન વલ્લભભાઈ કાપડીયા ની વાડીના વિસ્તારમાં સ્થળ તપાસ કરેલ. જેના અહેવાલ મુજબ શિવકુંવરબેન વલ્લભભાઈ કાપડીયા ને પ્રતિવાદીએ આપેલ વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૦૦૩/૦૫૦૮૯/૭ ધરાવે છે તેમજ પ્રતિવાદીને તપાસ દરમ્યાન આ વિજ જોડાણમાં કોઈ ગેરરીતી જોવા મળેલ ન હતી.

૩.૫ અરજદાર વાદીને ફોરમના પત્ર નં–૧૯૮૦ તા.૨/૭/૨૦૨૧ થી તા.૧૬/૭/૨૦૨૧ ના રોજ ફોરમમાં સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ, વાદી હાજર રહેલ નથી કે તે અંગેની કોઈ જાણ ફોરમને કરેલ નથી.

૩.૬ પ્રતિવાદીએ તેઓના ઓફીસ પત્ર નં–૨૪૭૮ તા.૧૨/૪/૨૦૨૧ થી તેઓએ કરેલ તપાસ ની કાર્યવાહી અંગેની જાણ લેખિતમાં કરેલ છે.

૩.૭ GERC ના નોટીફીકેશન નં–૨/૨૦૧૯ મુજબ વાદીની ફરીયાદ ફોરમના કાર્યક્ષેત્ર ને સ્પર્શતુ ન હોઈ, તેમજ તેની રજૂઆત ' ફરીયાદી' ની વ્યાખ્યામાં આવતી ન હોઈ, ફોરમને કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(પી.એન.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— **૧૬/૦૭/૨૦૨૧.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.